## જન્મદિને વધામણી


અશોક બળદેવજી


કાશ્મીરા ડી વ્યાસ
મો. ૯૪૨૮૦ ૫૦૪૭૨


મિસરી એમ પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫


આરૂષ મેહુલકુમાર ચાવડા
મો. ૯૯૯૮૦ ૫૩૭૨૫


પિયુષ રાજુભાઈ વાઘેલા
મો. ૯૯૨૫૮ ૪૭૯૨૫

# વાહન યાતાયાતના ચેકપોસ્ટને સંપૂર્ણ પારદર્શી બનાવાશે

## લેઝર ટેકનોલોજી સાથે શામળાજી ચેકપોસ્ટ શરૂ : રાજ્યની તિજોરી પર વચેટીયા અને માફિયા ખોટા કામ કરનારાઓને પંજો નહીં જ પડવા દઈએ : વિજય રૂપાણી

અરવલ્લી, તા.૩૦ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના વાહન વ્યવહાર યાતાયાત ચેક પોસ્ટને સંપૂર્ણ પારદર્શી અને ભ્રષ્ટાચાર મુક્ત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ચેકપોસ્ટ પર ચાલતી ગેરરિતીઓ, વચેટિયાઓના વહીવટ અને માફિયા તત્વોના પગપેસારાને દૂર કરી સરકારની તિજોરી પર એમનો પંજો પડવા નહીં દેવાય. મુખ્યમંત્રીએ દેશની સર્વપ્રથમ લેસર ટેકનોલોજી આધારિત અદ્યતન એવીએમએસ આરટીઓ ચેકપોસ્ટ શામળાજીનું લોકાર્પણ કર્યું હતું. રૂપિયા ચાર કરોડ ૭૨ લાખના ખર્ચે આ ચેકપોસ્ટ આધુનિક-અદ્યતન વિકરણોથી સજ્જ કરવામાં આવશે. તેમણે આ સાથે આદિજાતિ અરવલ્લી જિલ્લામાં ૩૦ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમૂહૂર્ત ભૂમિપૂજન સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીએ માર્મિક શબ્દોમાં કહ્યું હતું કે, ભગવાન શામળિયાના નામ સાથે જોડાયેલી આ આંતરરાજ્ય ચેકપોસ્ટ ભૂતકાળમાં ભગવાનના ભરોસે ચાલતી હતી. હવે આપણે માનવરહિત ઓટોમેટેડ વ્યવસ્થા વિકસાવીને ભગવાન શામળીયાની દરીદ્રનારાયણની સેવાની ભાવનાને વેગ આવે, આ ચેકસપોર્ટતી થનારી આવકનો ગરીબ-વંચિત-છેવાડાના માનવીના કલ્યાણ માટે રાજ્ય સરકાર વાપરવાની છે તેમતેમણે ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ રાજ્યની તમામ ૧૬ ચેકપોસ્ટને આગામી વર્ષમાં રૂપિયા ૩૫ કરોડના કર્ચે અદ્યતન ઓટોમેટિક અને પારર્શી સ્વચ્છ બનાવાશે તેમ દ્રઢતાપૂર્વક જાહેર કર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યં કે, અમે પારદર્શી, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલ સરકાર આપવાની અમારી નેમને રાજ્યની પ્રજાને સેવા દ્વારા સાકાર કરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, નાગરિકોના પ્રશ્નો રજૂઆતોના સ્થળ પર નિવારણ માટે સેવા સેતુથી સરકાર પ્રજાને દ્વારની અનુભૂતિ કરાવી છે. વિજય રૂપાણીએ ગરીબ આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસ માટે આદિજાતિ વિસ્તારોમાં શાળાઓ, વનબંધુઓને વન અધિકાર પત્રો, સિકલસેલ એનેમીયાના ગોરીઓને રાહત સહાય જેવા અનેકવિધ પગલા લીધા છે તેની તલસ્પર્શી છણાવટ કરી હતી.





# આવતીકાલે ભાજપ દ્વારા નવનિર્વાચિત સરપંચોનું અભિવાદન

અમદાવાદ, તા.૩૦ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આગામી ૧ જાન્યુઆરી, ૨૦૧૭ને રવિવારના રોજ સમરસ ગ્રામ પંચાયત અને ગઈકાલે વિજયી બનેલ ભાજપા સમર્થિત ગ્રામ પંચાયતના સરપંચોના અભિવાદનનો કાર્યક્રમ યોજાશે. પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો સહિત પ્રદેશના અગ્રણીઓની ઉપસ્થિતિમાં રાજ્યભરના સરપંચોનું અભિવાદન કરાશે. વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નોટબંધી સહિતના ગ્રામીણ વિકાસ અને જનહિતના કાર્યો તેમજ રાજ્ય સરકારની પ્રજાલક્ષ કામગીરી પ્રત્યેના વિશ્વાસનું પ્રતિબિંબ તાજેતરમાં આવેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના ભાજપાને ભવ્ય વિજયી બનાવતા પરિણામોમાં અને ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં વિકાસને સમર્પિત ઉમેદવારોના વિજયમાં દેખાયું છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, ગ્રામીણ કક્ષાએ ભૌતિક અને માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું અને વિકાસના એકમમાં જોડવાનું કામ બારતીય જનતા પાર્ટીએ કર્યં છે. રાજ્યના ગ્રામજનો ભાજપની વિકાસની વિચારધારા સાથે જોડાયેલા છે. કોંગ્રેસે હંમેશા ગામના વિકાસમાં અવરોધ ઉભો કરતી આવી ચે અને ગુજરાતની પ્રજા કોંગ્રેસને સારી રીતે ઓળખે છે એટલે આ પંચાયતોની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસ કે કોંગ્રેસ સમર્થિત ઉમેદવારોને જાકારો મળ્યો છે.

વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ છેલ્લા એક વર્ષથી વિધાનસભાના ઉમેદવારોની યાદી તૈયાર કરવાની રોજ નવી તારીખો આપે છે. પ્રસાર માધ્યમોમાં સ્થાન મેળવવા મથતી કોંગ્રેસનું પ્રજા હૃદયમાં સ્થાન નથી. માત્ર નિવેદનોથી પ્રજા વિશ્વાસ મેળવી શકાતો નથી. નોટબંધીના નિર્ણયનું સમગ્ર રાષ્ટ્ર સમર્થન કરે છે ત્યારે માત્ર રાજકીય લાભ ખાટવા કોંગ્રેસ વિરોધના હવાતિયા મારે છે, પણ તેને પ્રજાનું સમર્થન નથી.




## ઈન્ફોસીટી ખાતે શાંતાકલોઝે બાળકોને મોજ કરાવી

નાતાલ આવે એટલે બાળકોને ચોકલેટસ તથા ગીફ્ટ આપતા શાંતાકલોઝ યાદ આવે. સફેદ દાઢી અને લાલ જેકેટ-ટોપીમાં સજ્જ શાંતાકલોઝને જોઈ અબાલવૃદ્ધ સૌ કોઈ ગેલમાં આવી જાય છે. ગાંધીનગરના ઈન્ફોસિટી ખાતે શુક્રવારે સાંજે એક શાંતાકલોઝે બાળકોને ખુબ ગેલ ગમ્મત કરાવી ચોકલેટસ ગીફ્ટસ આપ્યા હતા. બાળકો સહિત મોટેરાઓએ પણ આ શાંતાકલોઝ સાથે તસવીર પડાવવા રીતસર પડાપડી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કુડાસણ વિસ્તારમાં રહેતા સેમ્યુઅલ ક્રિશ્ચિયન દર વર્ષે નાતાલ નિમિત્તે શાંતાકલોઝ બનીને બાળકોને મોજ કરાવે છે.

## લોકાર્પણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા એક દસકામાં ગાંધીનગરે સરકારી નગરની છાપને ભૂંસી નાખી છે. તે હવે નોલેજ સીટી તરીકે પણ વિકસ્યું છે અને આગામી વાઈબ્રન્ટમાં તો ગાંધીનગરની ઓળખ અનેરી રીતે બદલાશે.

તેમણે છેલ્લા દસકાઓમાં થયેલા વિકાસ કામોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે મહાત્મા મંદિર, દાંડી કુટિર તેમજ શૈક્ષણિક સંસ્થાઓ જે અહિ વિકસી અને વિસ્તરી છે તેનાથી નગરની ઓળખ જ બદલાઈ ગઈ છે.

આગામી દિવસોમાં અર્થાત ૯મી જાન્યુઆરીએ રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ પ્લાનનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સ્ટેશનની છત પર મોલ પણ હશે અને ૩૦૦ રૂમની સુવિધા ધરાવતી ફાઈવ સ્ટાર હોટલ હશે. આ કામનો પ્રારંભ વડાપ્રધાન મોદી કરાવવાના છે.

તેમણે કહ્યું કે ડિજીટલ સિટી તરીકે ગાંધીનગર આજે ઉભર્યું છે ત્યારે ડીજીટલ પેમેન્ટ અને ઈ-વોલેટ સહિતની સુવિધાઓનો પણ વપરાશ વધે તે જોવું જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે સ્વચ્છતા બાબતે ગાંધીનગર મનપાને આડકતરી રીતે ટપારતાં કહ્યું હતું કે તંત્ર વિડીયો વોલથી ગેરકાયદે થતા દબાણોનું મોનીટરીંગ કરે, કચરો ફેંકી ગંદકી કરનારાઓ સામે પગલાં લે, બી.યુ. વગર બાંધકામ કરતી સાઈટો પર નિયંત્રણ મેળવે તે વધુ જરૂરી છે. તેમણે કહ્યું કે મનપા અને પોલીસ બંને ટેકનોલોજીનો ઉપયોગ કરી સેવાઓનો અસરકારક વ્યાપ વિસ્તારે તે જરૂરી છે.

તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે આગામી ૪ માસમાં દરેક જિલ્લા મથક સી.સી.ટી.વી. સર્વેલન્સથી સજ્જ થઈ જાય તે જોવાશે. આમ થવાથી ગુનાખોરી ઘટશે તેમજ ક્રાઈમરેટ અને ડિટેકશન રેટમાં સુધારો લાવવા અને સલામત ગુજરાત બનાવવાનો સરકારનો સંકલ્પ છે.

મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ આગામી દિવસોમાં સચિવાલય સહિતની તમામ કચેરીઓમાં એલઈડી લાઈટસ લાગી જશે તેમ પણ કહ્યું હતું. તેમણે કહ્યું કે ઘ રોડ, ચ રોડ અન જ રોડ પર આવી આધુનિક લાઈટસ લાગી રહી છે. કલાઈમેટ ચેઈન્જની દિશામાં પણ આપણે એટલી જ મહત્વની કામગીરી માટે આગળ વધી રહ્યા છીએ તે ભૂલવું જોઈએ નહિ.

આ પૂર્વ શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રી પૂનમચંદ પરમારે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં શહેરની સ્વચ્છતાને લઈ નારાજગી વ્યકત કરતા જણાવ્યું હતુ કે પહેલાં ગાંધીનગર સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત ૭મા ક્રમે આવ્યું હતું. આ પછી સર્વેક્ષણમાં ૪૨મા ક્રમે આવ્યું હતું. ગાંધીનગર સાતમા ક્રમે દેશમાં આવી શકે એમ છે. આ માટે આપણે સૌ સ્વચ્છતાને અપનાવીએ અને એશિયાના સૌથી ગ્રીન સીટી ગાંધીનગરને વાઈબ્રન્ટ પુરતુ નહિ પણ કાયમ માટે સ્વચ્છ બનાવી અનેરી ઓળખ ડીજીટલ સિટી સ્વચ્છ સિટી બનાવીએ.

પ્રારંભમાં મેયર પ્રવિણ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે કમિશનર ડી.એન.મોદીએ આભારવિધિ કરી હતી.

## હકાલપટ્ટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. મુલાયમસિંહે કહ્યું હતું કે રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવવા માટે પાર્ટીના વડા સિવાય અન્ય કોઈને અધિકાર નથી. આ પગલું લઈને અખિલેશ યાદવે ભાવનાઓને ઠેસ પહોંચાડી હતી. રામગોપાલ યાદવે પાર્ટીને નબળી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમાજવાદી પાર્ટીના વડાએ રામગોપાલ યાદવથી દુર રહેવા તેમના પુત્ર અખિલેશને ચેતવણી પણ આપી હતી. અખિલેશ રામગોપાલ યાદવ તેમના ભાવિને બગાડવાના પ્રયાસ કરી રહ્યા છે તે વાત સમજી રહ્યા નથી તેમ મુલાયમસિંહે કહ્યું હતું.

## તપાસ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નહી પરંતુ બ્લેકમનીને વ્હાઈટ કરવામાં લાગેલા કોઈ લોકોને છોડશે નહી. આ પ્રકારના લોકો સામે બનતી તમામ કાર્યવાહી કરવામાં આવનાર છે. મોદી સરકારે આઠમી નવેમ્બરના દિવસ નોટબંધીની જાહેરાત કરી હતી. ત્યારબાદથી ૧૦૦૦ અને ૫૦૦ની જુની નોટ બંધ થઈ ગઈ હતી. અધિકારીઓના કહેવા મુજબ નોટબંધીની જાહેરાત બાદ બિનહિસાબી રકમ રાખનાર પાસે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો વિકલ્પ રહેલો છે. જો તેઓ તેને વિકલ્પ તરીકે પસંદ કરતા નથી તો સરકારના પગલાથી બચી શકશે નહી.

## બેઠકોનો દોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નવો ઘટનાક્રમ શરૂ થયો છે. મુલાયમે કહ્યું હતું કે અખિલેશ લડાઈ ઝઘડામાં પડેલા છે. માફીના મૂડમાં નથી. હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ અખિલેશને બહુમતી સાબિત કરવી પડશે. મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે તેઓ નિર્ણય કરશે. મુખ્યમંત્રી પદેશી પણ અખિલેશ હવે રાજીનામું આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાર્ટીને બચાવવા માટે અખિલેશ અને રામગોપાલ યાદવ બંનેને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીના આવાસ ઉપર સાંજે બેઠકોનો દોર શરૂ થયો હતો.

## કોલોની બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોની માંગણી સંતોષવા માટે હજુ પણ નવા મકાનો બાંધવા માટેનુ કામ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો છે. નગરના સે-૩૦માં નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૩૦ માં ૩૩૬ જેટલા મકાનો બનાવાશે. આ બી ટુ કક્ષાના આવાસોમાં પણ તમામ પાયાની સવલતો સાથે જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે. સે-૩૦માં નવી આવાસ યોજના પાછળ અંદાજિત રૂ ૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રકીયા હાથ ધરાઈ છે. નજીકના સમયમાં કામગીરી શરૂ કરી દેવાશે.

## સરપંચપદે વિજયી... ● ત્રીજા પાનાનું ચાલુ

| | |
|---|---|
| લીંબડીયા | હર્ષદભાઈ બાબુભાઈ પટેલ |
| લેંકાવાડા | પારસબેન અમરસિંહ વાઘેલા |
| વાંકાનેરડા | પન્નાબેન અશ્વિનભાઈ પટેલ |
| વાસન | વાઘેલા પ્રિયંકાબા વિજયસિંહ |
| વિરાતલાવડી | મંજુલાબેન વિનોદભાઈ પરમાર |
| શાહપુર | બાલુબેન બાબુજી ઠાકોર |
| શિહોલી મોટી | હિરાબેન દશરથભાઈ પટેલ |
| સુઘડ | સવિતાબેન મોહતજી ઠાકોર |
| સોનારડા | ચંદ્રીકાબેન ભરતભાઈ પટેલ |
| સોનીપુર | મંજુલાબેન ઠાકોર |
| સરઢવ | ઉષાબેન મનુભાઈ પટેલ |
| રાયપુર | લક્ષ્મણભાઈ સોલંકી |
| દશેલા | ઈલાબેન રાઠોડ |
| કુડાસણ | અંબાલાલ વર્ધાભાઈ પટેલ |
| કોલવડા | રાજેશભાઈ પટેલ |
| શાહપુર | બાલુબેન ઠાકોર |
| છાલા | ચંચળબેન મણીભાઈ પટેલ |
| ઉવારસદ | ગૌરીબેન જગાજી ઠાકોર |
| ચિલોડા | વસુમતિબેન દિનેશકુમાર પટેલ |
| ધરમપુર | અરૂણસિંહ રાણા |
| વાવોલ | નગીનભાઈ નાડીયા |


## ગુજરાત હાઉસીંગ બોર્ડ

હાઉસીંગ કમિશનરશ્રીની કચેરી
ગુજરાત હાઉસીંગ બોર્ડ, પ્રગતિનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
ફોર્મ ફી રૂ. ૧૦૦/- સંપર્ક : ફોન નંબર - ૦૭૯-૨૭૪૭૧૬૯૧

**વહેલા તે પહેલાના ધોરણે - પડતર કિંમત કરતા ઓછી કિંમતે**

| સ્થળ | આપવા ધારેલ સગવડતા | ઉપલબ્ધ મકાનો | અરજદારે ભરવાની કિંમત |
|---|---|---|---|
| **દહેગામ** સ્વામિનારાયણ મંદિર પાસે ઉટકેશ્વર મહાદેવ રોડ, સંપર્ક : ૯૫૮૬૬૭૫૯૫૩ | 3 BHK | ૨ મકાનો | રૂ. ૧૮.૦૦ લાખ |
| **વિસનગર** સિદ્ધેશ્વરી માતાજી મંદિર સામે, મહેસાણા રોડ, સંપર્ક : ૯૯૨૫૫ ૭૭૬૩૭ | 2 BHK | ૩૪ મકાનો | રૂ. ૧૧.૦૦ લાખ |
| **મહેસાણા** સોમનાથ તળેટી રોડ, સંપર્ક : ૯૯૨૫૫ ૭૭૬૩૭ | 1 BHK | ૪૬ મકાનો | રૂ. ૭.૨૫ લાખ |
| | 2 BHK | ૧૯૪ મકાનો | રૂ. ૧૦.૫૦ લાખ |
| | 3 BHK | ૩૦ મકાન | રૂ. ૧૭.૦૦ લાખ |

નોંધ : સબસીડી બાદ કરતા મકાનની કિંમત ગણેલ છે.
જાગીર વ્યવસ્થાપક
ગુ.હા. બોર્ડ, અમદાવાદ
ક્રમાંક/સંમાનિ/અમદ/૧૫૮૦/૨૦૧૬



